# પુનરાવર્તન - 1

**પ્ર. 1** તમારી આસપાસ જોવા મળતા હોય અને બચ્ચાને જન્મ આપે છે તેવા પ્રાણીઓની યાદી બનાવો.

**પ્ર. 2** હાથી અને મચ્છર વચ્ચે શું સમાનતા છે ?

| હાથી | મચ્છર |
| --- | --- |
| | |

**પ્ર. 3** ચોમાસામાં ખાસ જોવા મળતા પ્રાણીઓની યાદી બનાવો.

## પ્ર.4 આકૃતિ દોરો

### સપ્તર્ષિતારા જૂથ

### શર્મિષ્ઠા તારાજૂથ

### મૃગ તારાજૂથ

## પ્ર.5 પ્રવૃત્તિ

**શું જોઈશે ?** નાની થાળી, લખોટીઓ

**શું કરીશું ?**

- ☞ એક થાળી લો. તેને લખોટીઓથી પૂરેપૂરી ભરો.
- ☞ થાળીને હાથ વડે થોડી હલાવી જૂઓ.
- ☞ લખોટીઓના સ્થાનમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ ? તેનું અવલોકન કરો.
- ☞ હવે તેમાંથી અર્ધી લખોટીઓ કાઢી લો.
- ☞ થાળીને ફરીવાર હાથ વડે હલાવી જૂઓ.
- ☞ લખોટીઓના સ્થાનમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ ? તેનું અવલોકન કરો.
- ☞ હવે થાળીમાં માત્ર ત્રણ-ચાર લખોટી રહેવા દઈ બાકીની લખોટીઓ કાઢી લો.
- ☞ થાળીને હાથ વડે હલાવી જૂઓ.
- ☞ લખોટીઓના સ્થાનમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ ? તેનું અવલોકન કરો.
- ☞ તમારા ત્રણેય વખતના અનુભવોને ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપની અણુ ગોઠવણી સાથે કઈ રીતે સાંકળી શકાય ?

## પ્ર.6 “પદાર્થને ગરમી આપવાથી કે ગરમી શોષવાથી તેના સ્વરૂપમાં ફેરફાર થાય છે” તેની સમજૂતિ તમે જાણતા હો તેવા કોઈ ત્રણ ઉદાહરણોની મદદથી આપો.

## પ્ર.7 નીચેની પ્રવૃત્તિ કરો અને અવલોકન નોંધો.

**શું જોઈશે ?** કાર્ડ પેપર, કાતર, મીણબત્તી

**શું કરીશું ?**





- ☞ એક કાર્ડપેપર લો.
- ☞ આકૃતિમાં બતાવ્યા મુજબ કાપો.
- ☞ એક કાર્ડપેપરની જે વર્તુળકાર રીંગ બને તેની વચ્ચે ટાંકણી ખોસો.
- ☞ હવે મીણવત્તી સળગાવો.
- ☞ વર્તુળકાર રીંગને મીણબત્તી ઉપર થોડે ઊંચેથી પકડો અને અવલોકન નોંધો.
- ☞ વર્તુળકાર રીંગ ગોળ ગોળ કેમ ફરે છે ?

## પ્ર.8 વિચારીને લખો.

૧) લુહાર ગાડાના પૈડા પર લોંખડની વાટ ગરમ કરીને ચઢાવે છે અને તેના પર ઠંડુ પાણી રેડે છે. શા માટે?

૨) તવી સાથે લાકડાનો હાથો હોય તો શો ફાયદો થાય છે?



૩) એક તપેલીમાં ચા ઉકળે છે. તેમાં ઉષ્માનું સંચારણ કઈ કઈ રીતે થયું? શા માટે?

